

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરમાં સુરક્ષા સેતુ સોસાયટી ધ્વારા પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે આયોજિત નવરાત્રી-૨૦૧૮માં પહેલા નોરતે જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિક, કલેકટર પ્રવિણા ડી. કે., જીલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણ, સાંસદ દીપસિંહ રાઠોડ અને સાબરડેરીના જેઠાભાઈ પટેલે આરતી ઉતારી હતી, જયારે પ્રખ્યાત ગાયક કાજલ મહેરિયા ધૂમ મચાવતા યુવા ધન હિલોળે ચડ્યું હતું.

# મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં ઘટ સ્થાપન સાથે નવરાત્રીનો ભવ્ય પ્રારંભ : પ્રથમ નોરતે ખેલૈયાઓ ઉમટયા

મોડાસા, તા. ૧૧

આદ્યશક્તિના આરાધનાનું પર્વ એટલે નવરાત્રી અને આ ઉસત્સવની ઉજવણીમાં ભાવિ ભક્તોમાં અનેરો ઉસ્તાહ જોવા મળ્યો હતો. આસોના નોરતાના પ્રારંભે માઈ ભક્તો અને ખેલૈયાઓ ગરબે ઘૂમી માના પ્રથમ નોરતાની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા શહેરની નવરાત્રીના સ્થળોએ પ્રથમ નોરતે ખેલૈયાઓ મનમુકી ગરબે ઘૂમ્યા હતા.

મોડાસા શહેરમાં આદ્યશક્તિના આરાધના પર્વના પહેલા નોરતા થી મા ની શક્તિની ભક્તિનો અને આરાધના પર્વને લઈ જીલ્લા કલેકટર એમ.નાગરાજનના અધ્યક્ષસ્થાને નવરાત્રી મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ ઉસત્વ પ્રસંગે જિલ્લા પોલીસ વડા મયુર પાટીલ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને મેયર સુભાષ શાહ, મોડાસા નાગરિક સહકારી બેંકના ચેરમેન કમલેશ પટેલ સહિતના મહેમાનો હાજર રહી આદ્ય શક્તિ આરાધના પર્વને વધાવી લઈ મહા પર્વને ખુલ્લો મુક્યો હતો. મોડીરાત સુધી જિલ્લાના વિવિધ તાલુકા મથકોના નવરાત્રી ચોકના મેદાનો પર પ્રથમ નોરતે ખેલૈયાઓની ભીડ જોવા મળી હતી. મોડાસા નગરના પાટીદાર સમાજ આયોજિત રમઝટ નવરાત્રી મહોત્સવ ચોકમાં ગરબાવૃંદના સથવારે યુવાધન અને સૌ કોઈ ગરબા ગુમતા જોવા મળ્યા હતા. ગરબાની રમઝટ સાથે મા આદ્યશક્તિની આરાધના મહાપર્વ આસો નવરાત્રીનો રંગેચંગે પ્રારંભ થવા પામ્યો હતો.



મોડાસા શહેરમાં સોસાયટી નગર વિકાસ મિત્ર મંડળ આયોજિત કલ્યાણ નવરાત્રી, અરવલ્લી નવરાત્રી મહોત્સવ આયોજિત રામપાર્ક નવરાત્રી, રિદ્ધિ સિદ્ધિ નવરાત્રી, કુમકુમ પાર્ટી પ્લોટમાં અર્બુદા નવરાત્રી, નવજીવન ચોક, ભાવસાર વાડા, બુટાલ વાડા સહીત જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં નવરાત્રી મહોત્સવને લઈ સમગ્ર જીલ્લો રંગબેરંગી લાઈટોની રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું.



## ટીંટોઈ ઓહોજમાના દરબારમાં ૭.૫ કિલોના ચાંદીના ગરબા માતાજીને અર્પણ કરાયા

નવલા નોરતાંની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે ત્યારે મોડાસાના ટીંટોઈ ખાતે ઑહોજ માતાજીને ૭.૫ કિલોના ચાંદીના ગરબા અર્પણ કરાયા હતા. આસો સુદ એકમના દિવસે મૂળ ટીંટોઈ ગામના વતની અને હાલ મુંબઈ સ્થિત સ્વર્ગસ્થ પ્રફુલચંદ્ર યશવંતલાલ ઠાકર પરિવારે માતાજીમાં અતૂટ શ્રદ્ધા થકી મનોકામનાના ભાગરૂપે આશરે રૂ. ૩.૭૫ લાખની કિંમતના ૭.૫ કિલો ચાંદીના ૧૮ ગરબા ઑહોજ માતાજીને અર્પણ કર્યા હતા. તેમજ ઈન્દિરાબેન બાલકૃષ્ણ મેવાડા પરિવાર તરફથી માતાજીના મંદિરના શિખરની એલ.ઈ.ડી. લાઈટના ડેકોરેશન પેટે રૂ.૨,૧૧,૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. સમગ્ર નવરાત્રિ મહોત્સવનું મોનીટરીંગ કરતા એવા શ્રી ટીંટોઈ માઈ મંડળના પ્રમુખ દીપકભાઈ ચુનીલાલ ભટ્ટ, મંત્રી જયેશભાઈ વાડીલાલ સોની તેમજ કારોબારી સભ્યોએ દાતાઓનું હૃદયપૂર્વક અભિવાદન કર્યું હતું.



## વડગામના ચાંગા ગામની હાઈસ્કૂલમાં નવરાત્રીની ઉજવણી

બનાસકાંઠાના વડગામ તાલુકાના ચાંગા ગામની સંસ્કાર વિદ્યાલયમાં નવરાત્રી પર્વની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ગામના સરપંચ અયુબભાઈ ખોખર તેમજ અન્ય મહેમાનોએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. શાળાના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ ગરબાની રમઝટ જમાવી હતી. વિજેતા સ્પર્ધક વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. શાળાના શિક્ષકો તેમજ આચાર્યએ કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ અયુબભાઈ ખોખર તરફથી પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામ અપાયા હતાં. વિદ્યાર્થીનીઓ દ્વારા ડેકોરેટિવ આરતીની થાળી પણ તૈયાર કરાઈ હતી.

# બેચરાજી શક્તિપીઠમાં નવરાત્રી મહાપર્વનો પ્રારંભ શકિત, ભકિત અને આરાધના ત્રિવેણી સંગમ

મહેસાણા, તા. ૧૧

બેચરાજી ખાતે આવેલા બહુચરાજી શક્તિપીઠમાં નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થયો છે. બહુચરાજી શક્તિપીઠ ગુજરાતની લોકપ્રિય ધાર્મિક સ્થળોમાંથી એક છે. દર વર્ષેની જેમ આ વર્ષે પણ ગુજરાતના વિવિધ ભાગોથી લોકો પૂજા-અર્ચના કરવા માટે આવે છે. નવરાત્રીના પ્રથમ દિને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એ માતાજીના દર્શન કર્યા હતા.

મંદિરમાં માતાજીનું ઘટસ્થાપન કરાયું હતું. માતાજીનો હોમ હવન અને સ્તુતિથી આરાધના કરવામાં આવી હતી. નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થતા ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. મંદિરમાં જાણે કીડિયાળુ ઉભરાયુ હોય તેવી સ્થિતિ હતી. ભક્તોની ભીડથી મંદિરમાં પગ પણ ના મૂકી શકાય એટલી ભીડ જોવા મળી રહી હતી. આ અવસરે મંદિરના વહીવટદાર કેતકીબહેન વ્યાસે મંદિરમાં પૂજા અર્ચના કરી ઘટસ્થાપન કર્યું હતું.

નવરાત્રી દરમિયાન ખુબ જ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. અહી ભવાઈ જેવા કાર્યક્રમોનું આયોજન પણ થાય છે. ત્યારબાદ દશેરાના દિવસે સવારે માતાજીની પાલખી નીકળે છે. માતાજી નીજ મંદિરેથી નિકળીને બહુચરાજી પાસે આવેલ સમીવૃક્ષ પાસે જઈ ત્યાં માતાજીના શસ્ત્રોની પૂજા કરવામાં આવે છે. આ દિવસે માતાજીને ગાયકવાડ રાજાએ ચઢાવેલ નવલખો હાર પહેરાવવામાં આવે છે.



આદ્ય શક્તિની મહિમાનો આજથી પ્રારંભ અને ખેલૈયાઓ આતુરતાથી જેની રાહ જોતા હોય છે તે નવરાત્રી. મા બહુચરના ધામમાં નવરાત્રી દરમિયાન ચાચર ચોકમાં ગરબાની રમઝટ જામી રહી છે. આ વખતે સ્ત્રીઓ સાથે પુરુષો પણ ગરબા રૂપમાં શકિતની આરાધના કરી રહ્યા છે. નવરાત્રીના પ્રથમ દિવસે ભકતોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. મંદિરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્થાપના કરવામાં આવી હતી. માના ચરણમા શીશ ઝુકાવવામાં અને માની આરાધના કરવા માઈ ભક્તો માતાજીના પ્રથમ નવરાત્રે બેચરાજી આવી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

બહુચરાજી માતાજીના મંદિરમાં ગરબે ઘુમતા ભક્તોને રોજબરોજ પ્રસાદી રૂપે લહાણી આપવમાં આવી રહી છે. શ્રી બહુચર માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા આયોજીત નવરાત્રીમાં રોજબરોજ કલાકારો આવી રહ્યા છે. જેમાં ત્રીજા દિવસે ગમન સાંથલ, ચોથા દિવસે સુખદેવ ઝાલા, પાંચમા દિવસે રણધિરસિંહ ઝાલા, છઠ્ઠા દિવસે રોશની ગોસ્વામી, સાતમા દિવસે વિજય જોરણાંગ, આઠમા દિવસે જીતુરાજ ઠાકોર અને નવમા દિવસે રિધ્ધી વ્યાસના સહિતના કલાકારો દ્વારા ગરબાની રમઝટ ચાલવાની છે. નવરાત્રીમાં ઉપસ્થિત રહેવાજિલ્લા કલેકટર સહિત ટેમ્પલ ટ્રસ્ટના વહીવટદાર અને ટ્રસ્ટ્રીઓએ જાહેર જનતાને આમંત્રણ પાઠવેલ છે.



ખેડબ્રહ્મા નગરપાલિકાના ભૂતપૂર્વ સદસ્ય અરવિંદભાઈ વિઠ્ઠલદાસ રાવલની ખેડબ્રહ્મા શહેર ભાજપના મહામંત્રી તરીકે નિમણુંક કરાઈ.

# મોડાસામાં અકસ્માતમાં બેનો ભોગ લેવાયો

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર નજીક ૨ કલાકના સમયગાળામાં ૨ જુદા જુદા અકસ્માતમાં ૨ યુવાનોનો ભોગ લેવાતા પંથકમાં ભારે શોક છવાયો હતો.

મોડાસા જીઆઈડીસી નજીક કારે બાઈકને ટક્કર મારતા બાઈક સવાર યુવાનનું મોત નીપજ્યું હતું જયારે મોડાસા ઉત્સવવેલી રેસીડેન્સી નજીક ઈકો કાર ચાલકે રોડ પર આખલાને ભટકાવતા કારચાલકનું અને આખલાનું ઘટનસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતના સ્થળે પોલીસતંત્ર પહોંચી બંને મૃતક યુવાનના મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા જીઆઈડીસી નજીક બુધવારે સાંજે બાઈક પર ઘર તરફ પરત ફરી રહેલા માધુપુર ગામના શૈલેષ તખાજી ખાંટને શામળાજી તરફથી પુરઝડપે ગફલતભરી રીતે કાર હંકારી બાઈકને ધડાકાભેર ટક્કર મારતા શૈલષ ખાંટ નામના યુવાનનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બાઈક પાછળ બેઠેલ અન્ય નરેન્દ્રભાઈ કેશભાઈ બામણીયાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસમાતના સ્થળે દોડી આવેલા રાહદારીઓએ ૧૦૮ ઈમર્જન્સી ઍમ્બ્યુલંસ મારફતે સાર્વજનિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડ્યો હતો. કાર ચાલક કાર અકસ્માતના સ્થળે રાખી ફરાર થઈ જતા મોડાસા ટાઉન પોલીસે ફરાર કાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોડાસા મેઘરજ બાયપાસ રોડ પર આવેલી ઉત્સવવેલી રેસીડેન્સી નજીક સરુપુર ગામના લાલાભાઈ ફુલાભાઈ તરાર નામના ઈકો કારના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી રોડ પર ઉભેલા આખલાને ટક્કર મારતા લાલાભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કારમાં જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. કારની ટક્કરે આખલાનું પણ મોત નીપજ્યું હતું.

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિશ્વ પ્રાણી દિવસ ઉજવાયો

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિશ્વ પ્રાણી દિવસ અંતર્ગત પ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ હતી. ધોરણ.૧ થી ધોરણ.૧૦ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રાણીઓની બાળ વાર્તા,નિબંધ લેખન સ્પર્ધા,ચિત્ર સ્પર્ધા, ક્વીઝ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમાજ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી મિતુલભાઈ બ્રહ્મભટ્ટએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શિક્ષક અરવિંદભાઈ રાઠોડએ પ્રાણીઓની વિશેષતાઓ, ભારતના અભ્યારણો, પ્રકૃતિ ઉદ્યાનો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.



## બામણા કોલેજમાં નવરાત્રીની ઉજવણી યોજાઈ

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં નવલી નવરાત્રીની ઉજવણી ભક્તિભાવ પુર્વક યોજાઈ હતી.બામણા-પુનાસણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ પ્રિ.ડાં.કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં ઉપસ્થિત રહ્યા હતા.રાસ-ગરબાના કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રથમ,દ્વિતીય,તૃતીય ક્રમ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

## હેમચંદ્રાચાર્ય ઉ.ગુ.યુનિ. દ્વારા પીએચ.ડી.ની ડિગ્રી એનાયત

ડીસા, તા. ૧૧

પાટણ ખાતે રહેતાં અને હારીજની આર.કે. પી. તન્ના ગર્લ્સ હાઈસ્કૂલમાં ફરજ બજાવતા ડૉ. હીનાબેન જનકકુમાર રાવલે



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણમાં એજ્યુકેશન ફેકલ્ટીમાં એસ.પી.યુનિવર્સિટી, આણંદના એજ્યુકેશન વિભાગના ડીન ડૉ. એસ.સી. પાડવીના માર્ગદર્શન હેઠળ 'ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સામૂહિક બુધ્ધિ કસોટીની રચના અને પ્રમાણીકરણ' વિષય પર સંશોધન પેપર તૈયાર કર્યુ હતુ. જેને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી ડો. હીનાબેન રાવલને પીએચડીની ડિગ્રી એનાયત કરી છે. પીએચડીની ડીગ્રી મેળવી તેઓએ સમગ્ર સમાજ અને પાટણ શહેરનું ગૌરવ વધારેલ છે. અગાઉ પણ ડૉ. હીનાબેન રાવલે એમ.એડ.માં ગોલ્ડ મેડલ અને એમ. ફિલ.માં પણ પ્રથમ રેન્ક મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી.